**<u>મુ.અ.નં.૮૬/૨૬</u>**

**<u>તલોદ પો. સ્ટે. એ પાર્ટ ગુ.ર.નં.૦૩૮૬/૨૬</u>**

**<u>અરજદાર પરમાર ગૌતમકુમાર કરશનભાઈની ભારતીય નાગરીક સુરક્ષા સંહીતા ૨૦૨૩ ની કલમ—૪૯૭ ની અરજી હેઠળ હુકમ</u>**

(૧) અરજદારની અરજી તથા રજુ દસ્તાવેજી પુરાવાઓ વંચાણે લીધા. ત.ક.અમલદારનો અભિપ્રાય વંચાણે લીધો.

(૨) આ કામના અરજદારની અરજીની ટુંકમાં હકીકત એવા પ્રકારની છે કે, અરજદારની માલીકી અને કબજા ભોગવટાની **<u>મારૂતી સુઝુકી કંપનીની ગાડી મોડલ WAGON R LXI BS4 ની જેનો રજી. નં. જી.જે.૦૩.ઈ.સી.૨૨૧૫ ની જેનો ચેચીસ નં —MA3EWDE1S00336388 અને એન્જિન નં—K10BN1459114</u>** છે. સદર મુદ્દામાલ તલોદ પો.સ્ટે.ગુ.ર.નં.૦૩૮૬/૨૬ ના કામે પોલીસે કબજે કરેલ છે. સદર મુદ્દામાલ પોલીસ સ્ટેશન કસ્ટડીમાં છે, જેના કારણે અરજદારને અનાવશ્યક મુશ્કેલી પડે છે. જો અરજદારને વાહન પરત ન સોંપવામાં આવે તો પારાવાર નુકસાન થાય તેમ છે. સદરહું વાહન પોલીસ સ્ટેશને ખુલ્લામાં પડી રહેલ છે. તેમજ સદર વાહન લાંબા સમય સુધી પોલીસ કસ્ટડીમાં રાખવામા આવે તો તેની કિંમત ઘટી જવાની શકયતાઓ હોય, અને તેનાથી અરજદારને નુકશાન થાય તેમ છે. સદરહું મુદ્દામાલ પોલીસ સ્ટેશને સાચવવા માટે કોઈ અલાયદી વ્યવસ્થા નથી. નામદાર કોર્ટ ફરમાવે તેટલી રકમના જામીન આપવા તથા નામદાર કોર્ટ ફરમાવે તે શરતોનું પાલન કરવા અરજદાર તૈયાર છે. તે સંજોગોમાં અરજદારે સદર મુદ્દામાલ પરત મેળવવા અરજદારે હાલની અરજી કરેલ છે.

(૩) સરકાર તરફે એ.પી.પી.શ્રીએ અરજી લગત શેરો કરી જણાવેલ છે કે, ગુન્હો નામ.સેસન્સ હોઈ ટ્રાયલ ચલાવાય તેવો હોય, મુદામાલ વાહનનો ઉપયોગ ગુન્હાના કામે થયેલ હોય, વાહનને વચગાળાના જામીન પર પરત સોંપવા સામે સખત વાંધો છે. તેમજ પોલીસ અભિપ્રાય વંચાણે લેતાં, અરજદાર ને મુદામાલ પરત નહી સોપવા તેમનો સ્પષ્ટ અભિપ્રાય છે.

(૪) આ કામે રજુ થયેલ પક્ષકારોના વિ.વ.શ્રીની રજુઆતો ધ્યાને લેતાં તેમજ રજુ થયેલાની અરજદારે ખરીદ કરેલ વાહનના આર.સી.બુકની નકલ, અરજદારના આધાર કાર્ડની નકલ, એફ.આઈ.આર.ની નકલ તેમજ અરજદારના ડ્રાઈવિંગ લાઈસન્સની નકલ રજુ કરેલ છે. જે ધ્યાને લેતાં સદર મુદ્દામાલના માલીક હાલના અરજદાર હોવાનું જણાઈ આવે છે. સદરહું મુદ્દામાલ વાહન પરત મેળવવા અરજદાર સિવાય અન્ય કોઈ એ માંગણી કરેલ નથી.

આમ, આ કામે મુદ્દામાલ વાહન અરજદારની માલિકીનું છે અને વધુ સમય પોલીસ સ્ટેશનમાં પડી રહે તો તે બગડી જાય તેમ છે અને જેનાથી અરજદાર ને નાણાંકીય નુકસાન ભોગવવું પડે તેમ છે તથા આ કામે આરોપી સામેના કેસની ટ્રાયલ ચાલતાં કેટલો સમય જાય તે નકકી થઈ શકે તેમ નથી. જો તેઓને સદર મુદ્દામાલ પરત આપવામાં ન આવે તો તેઓને ખુબ મોટું આર્થિક નુકશાન જાય તેવું આ કોર્ટનું માનવું છે તેમજ **''નામ. સર્વોચ્ચ અદાલતે સુંદરભાઈ અંબાલાલ દેસાઈ વિરૂધ્ધ સ્ટેટ ઓફ ગુજરાતના કિસ્સામાં આપેલ ચુકાદો કે જે ૨૦૦૨(૮) સુપ્રિમ ટુડે પાના નં. ૫૨૫'' ઉપર પ્રસિધ્ધ થયેલ છે.** જેમાં નામ. સુપ્રિમ કોર્ટે એવું પ્રસ્થાપિત કરેલ છે કે, ''ગુન્હાના

કામે કબજે લીધેલ મુદ્દામાલ તેના યોગ્ય માલીકને દસ્તાવેજી પુરાવાઓ ધ્યાનમાં લઈ વચગાળાના હુકમે પરત સોંપવો જોઈએ.'' તે સંજોગોમાં મુદ્દામાલ તેને યોગ્ય શરતોને આધિન અરજદારને સોંપવાનું આ અદાલત ને વ્યાજબી અને ન્યાયી જણાતુ હોઈ નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

**:: હુકમ ::**

૧. આથી અરજદાર પરમાર ગૌતમકુમાર કરશનભાઈ રહે. મહાકાલી મંદીર પાસે, પોયડા, તા.તલોદ,જી.સાબરકાંઠાનાઓની મુદ્દામાલ પરત મેળવવાની અરજી મંજુર કરવામાં આવે છે.

૨. આથી તલોદ પો.સ્ટે.ગુ.ર.નં.૦૩૮૬/૨૦૨૬ બી.એન.એસ. ની કલમ-૧૦૩(૧) તથા જી.પી.એ.૧૩૫ મુજબના કામે કબજે કરવામાં આવેલ મુદ્દામાલ કેસનો આખરી નિકાલ ના થાય ત્યાં સુધી મારૂતી સુઝુકી કંપનીની ગાડી મોડલ WAGON R LXI BS4 ની જેનો રજી. નં. જી.જે.૦૩.ઈ.સી.૨૨૧૫ ની જેનો ચેચીસ નં -MA3EWDE1S00336388 અને એન્જિન નં-K10BN1459114 છે. મુદ્દામાલ પાવતીમાં દર્શાવેલ રકમ કરતાં દોઢી રકમના જામીન અને તેટલી જ રકમના બોન્ડ રજુ કર્યેથી નીચેની શરતોને આધીન વચગાળાના હુકમે પરત સોંપવાનો હુકમ કરવામાં આવે છે.

શરતો:-

૧. અરજદારે મુદ્દામાલનો આ કેસનો આખરી નિકાલ ના આવે ત્યાં સુધી તેની ઓળખમાં કોઈ ફેરફાર થાય તેવુ કૃત્ય કરવું/ કરાવવું નહી અને નામ. અદાલત જયારે ફરમાવે ત્યારે રજુ કરવાનુ રહેશે.

૨. અરજદારે મુદ્દામાલ કેસનો આખરી નિકાલ ના આવે ત્યાં સુધી કોઈને વેચાણ, બક્ષીસ, ગીરો કે અન્ય કોઈપણ રીતે તબદીલ

કરવું/કરાવવું નહી.

૩. અરજદારે મુદામાલ વાહન મુકત થયેથી દિન–૦૩માં મુદામાલ વાહનના આગળ પાછળના કલર ફોટોગ્રાફ નામ. અદાલતમાં રજુ કરવા

૪. અરજદારે મુદામાલ વાહનનો કોઈ ગુનાહિત કૃત્યમાં ઉપયોગ કરવો નહી.

૫. ઉપરોકત હુકમની સંબંધીત પો. સ્ટેશને યાદી કરવી.

હુકમ મુજબ જામીન તથા બોન્ડ સંબંધીત પોલીસ સ્ટેશને રજુ કરવા.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી,સંભળાવી, સહી કરી જાહેર કર્યો.

તા.૧૫/૦૬/૨૦૨૬ **(એચ.એચ.પટેલ)**
મુ.તલોદ. જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફ.ક. તલોદ.
**(જજ કોડ નં.જીજે૦૧૭૨૨)**

એસ.એ.રીદબ્લોચ